**મે.સુરતના બીજી મજુર અદાલતના એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ**

**જી.જે.થોરીયાસાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસનંબર :- ૪૪૧/૨૦૨૪**
**<u>આંક : ૧૫</u>**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપી –(૧) ઈન્ફિનીટી રિટેલ લીમિટેડ – સંસ્થા**
**સરનામુ- સી૧ બ્લોક નં.૩૬૪, ફુટપ્રિન્ટ કેમ્પસ, સ્મીટન ફેકટરીની બાજુમાં,**
**સુરત અંકલેશ્વર હાઈવે, ગામ.નંદાવ, તા.માંગરોલ, સુરત-૩૯૪૧૨૫**

**ગુનો : બોનસ ચુકવણી અધીનીયમ-૧૯૬૫ ની કલમ-૨૭(૪)**

**-: ચુકાદો :-**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરીયાદીશ્રી, સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધાવી છે. ત્યારબાદ આરોપીને સદરહુ ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી. તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રુબરુ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનુ લેખીત નિવેદન કરેલ છે જે **<u>આંક-૧૩</u>** થી રજુ છે અને **<u>આંક-૧૪</u>** થી સ્વૈચ્છિક કબુલાત પુરસીશ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોઈ તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમોના ભંગ બદલ અધીનીયમ **કલમ-૨૮ તથા સુધારા કલમ-૨૯એ** મુજબ શિક્ષાને પાત્ર ગુનો તકસીરવાર ઠરે છે. દરેક આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાનુ પ્રમાણ, આરોપીની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટવાળા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જીએલઆર પાન નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-: આખરી હુકમ :-**

આરોપીને તેઓ સામે **બોનસ ચુકવણી અધીનીયમ-૧૯૬૫ની કલમ-૨૭(૪)** ના ઉલ્લંઘન બદલ સદરહુ અધિનિયમની **કલમ-૨૮ તથા સુધારા કલમ-૨૯એ** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે નિયમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી દરેક આરોપીઓને નિયમના ઉલ્લંઘન બદલ રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન-૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ આરોપી નં.૧ પાસે સદર કામે કુલ **રૂા.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)** વસુલ મેળવવા તેમજ આરોપી નં.૨ પુરતો કેસ ચાલુ રાખવો.

આ હુકમ આજરોજ તારીખ ૧લી, માહે-ફેબ્રુઆરી, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તા.૦૧-૦૨-૨૦૨૫**
**સ્થળ : સુરત.**

**(ઘનશ્યામ જે. થોરીયા)**
**એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ**
**મજુર અદાલત, સુરત.**
**U.I.C. No. GJ00842**